# માઉન્ટ આબુમાં ગાંધીનગરના કલાકારો ઝળક્યા





પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા માઉન્ટ આબુ ખાતે નેશનલ કૉન્ફરન્સ ઑફ કલ્ચરલ વિંગ એન્ડ રાજયોગ રિટ્રીટ મંગળવારે સંપન્ન થઈ. સમગ્ર દેશમાંથી આવેલા ૬૦૦ ઉપરાંત કલાકારોએ આ કૉન્ફરન્સમાં ભાગ લીધો હતો. બૉલવૂડના કલાકારો, ટીવી કલાકારો પણ તેમાં સામેલ હતા. કલા અને આધ્યત્મિકતાનો સંગમ કરીને એક સુવર્ણ યુગનું નિર્માણ થઈ શકે તે આ કૉન્ફરન્સનો હેતુ હતો. કૉન્ફરન્સ અંતર્ગત દેશના કલાકારો દ્વારા સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી, જેમાં જી ઈ ક્લબ, ગાંધીનગરના કલાકારો પણ ઝળક્યા હતા. સાગર દેસાઈએ સુંદર ગાયન પ્રસ્તુત કરીને ભરપૂર પ્રશસ્તિ મેળવી હતી. 'માહિ તેરી ચુનરીયા લહેરાઈ...' ગીત પ્રસ્તુત કરીને તેમણે આ વાહવાહી પ્રાપ્ત કરી હતી. કુ. રિયા નિમાવત દ્વારા ગણેશ વંદના પ્રસ્તુત કરવામાં આવી હતી. સમાપન સમારોહમાં પણ રિયા નિમાવત અને મયુરી ધાંધલ દ્વારા 'સત્યમ શિવમ સુંદરમ' ગીત પર નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. નીરવ આચાર્ય દ્વારા નૅપથ્ય અને સંગીતની જવાબદારી અદા કરવામાં આવી હતી. આ ચારેય કલાકારોએ જી ઈ ક્લબના ડિરેક્ટર કશ્યપ નિમાવતની રાહબરીમાં આ કૉન્ફર્સમાં ભાગ લીધો હતો.

કૉન્ફરન્સ અંતર્ગત બ્રહ્માકુમારીઝ નેશનલ કલ્ચરલ વિંગનાં સંયોજક કુસુમદીદી, માઉન્ટ આબુ કલ્ચરલ વિંગના સંયોજક દયાલજી, પુનમદીદી તથા રસિકભાઈએ દેશમાંથી આવેલા કલાકારોને આશીર્વચન પાઠવ્યા હતા અને કલાને આધ્યાત્મિકતા સાથે જોડીને એક નવા સુવર્ણ સમાજની રચના કરવા માટે સૌ કલાકારોને હાકલ કરી હતી.

## એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શેડો ડ્રોઈંગ સ્પર્ધા યોજાઈ



એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં મંગળવારે ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓમાં આંતરિક શક્તિનો વિકાસ થાય તે હેતુથી શેડો ડ્રોઈંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા માટે વિદ્યાર્થીઓ વિવિધ વસ્તુઓ ઘરેથી લઈ આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાનાં કૌશલ્ય પ્રમાણે સરસ મજાનાં શેડો ચિત્ર બનાવ્યાં હતાં. દરેક ધોરણમાંથી ત્રણ વિજેતા નિશ્ચિત કરવામાં આવ્યા હતા.

## ધોરણ-૧૦માં ગણિતને વૈકલ્પિક બનાવવા મુંબઈ હાઈકૉર્ટનું સૂચન

ગાંધીનગર, તા. ૨૦

ગણિત વિષયથી કંટાળો અનુભવતા વિદ્યાર્થીઓને રાહત થાય એવા સમાચારમાં મુંબઈ હાઈકોર્ટે વિવિધ શૈક્ષણિક બોર્ડને કહ્યું છે કે તેઓ ધો. ૧૦ના વિદ્યાર્થીઓ માટે ગણિતને વૈકલ્પિક વિષય બનાવવા અંગે વિચારણા કરે જેનાથી તેઓને ગણિત ભણ્યા વગર કલા અને અન્ય વોકેશનલ કોર્સિસ માટે પ્રેરણા મળે.

કોર્ટે આ મામલે રાજ્યોના શિક્ષણ બોર્ડ્સને વિચારણા કરવા કહ્યું છે. જજ વી. એમ. કનાડે અને એ. એમ. બદરે મુખ્ય મનોચિકિત્સક હરીશ શેટ્ટીની અરજી પર સુનાવણી દરમિયાન આ સૂચન કર્યું હતું. અરજીમાં સ્કૂલ સ્તરે વિદ્યાર્થીઓને શીખવાની ક્ષમતાનો અભાવ અને એવા વિદ્યાર્થીઓની મદદ માટે શૈક્ષણિક બોર્ડ્સ દ્વારા ઉઠાવાયેલા પગલાંનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.

### નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા યોગ દિવસ નિમિત્તે

## આજે જિલ્લાભરમાં યોગ નિદર્શન તથા શહેરમાં યુવા સંમેલન યોજાશે

### યુવા મંડળોને રમતગમતનાં સાધનોનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૦

૧૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે સ્થાપિત કરવા ઠરાવ કર્યો અને ત્યારબાદ દર વર્ષે રાજ્ય સરકાર તથા ભારત સરકાર દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલય દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં નહેરુ યુવા કેન્દ્રોને પણ યોગ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજવા અંગે માર્ગદર્શન તથા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે, જે સંદર્ભે ગાંધીનગર નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યોગ દિવસની વિશિષ્ટ ઉજવણીનું આયોજન કરાયું છે.

આ અંગેની માહિતી આપતાં કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથારે જણાવ્યું છે કે નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓમાં યુથ પાર્લામેન્ટનું આયોજન કરી યોગ નિદર્શન કરવામાં આવશે. આ અંગે માર્ગદર્શિકા તથા વિડીયો ફિલ્મ દર્શાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જિલ્લાનાં યુવા મંડળો, મહિલા મંડળો તથા ઍનઍસઍસ, સ્વૈચ્છિક સંસ્થાઓ, યુવા મિત્રો આ કાર્યક્રમમાં જોડાશે.

સંસ્થા દ્વારા સરકારી વિજ્ઞાન કૉલેજ, સૅક્ટર-૧૫ તથા શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૨૩ ખાતે પણ યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન સવારે ૭થી ૮ દરમિયાન કરવામાં આવ્યું છે. ૮ કલાકે દેવકરણના મુવાડા (દહેગામ), આમજા, કલોલ, મહુડી, માણસા, રાંધેજા અને યુથ હૉસ્ટેલ, ગાંધીનગર ખાતે પણ યોગ નિદર્શન, યોગ સંમેલન યોજવામાં આવશે. સવારે ૧૦ કલાકે યુથ હૉસ્ટેલ ખાતે એક યુવા સંમેલનનું આયોજન પણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં યોગ નિદર્શન ઉપર ફિલ્મ શો તતા વિવિધ ફલૅગશીપ યોજનાઓ વિશે તજ્જ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. સંમેલન અંતર્ગત ગ્રામ વિસ્તારનાં યુવા મંડળોને રમતગમતનાં સાધનોનું વિતરણ પણ કરવામાં આવશે. જિલ્લાના સૌ યુવાઓને આ યુવા સંમેલનમાં ઉપસ્થિત રહેવા તેમણે સંસ્થા તરફથી નિમંત્રણ પાઠવ્યું છે.

### ડાયરેક્ટ ❤ સે

આપણે
જે કામ નથી કરતાં
તેનો થાક
અનુભવીએ છીએ
જે કરીએ છીએ
તેનો નહીં

- જ્યોર્જ બર્નાડ શો

### જન્મદિને વધામણી



વીરાભાઈ પટેલ




નટુભાઈ કે દરજી
મો. ૯૮૨૪૬૯૧૯૨૬



પંકજ બી દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫



આકાશ ભીખાભાઈ રાઠોડ



વીણા મહેન્દ્રભાઈ રાઠોડ

# સુષુપ્ત સર્જનાત્મકતાને ખીલવવાની જવાબદારી કોની ?

એક લબ્ધપ્રતિષ્ઠ સંગીતકાર. એ સંગીતકારને ઘેર ઘણા શિષ્યો સંગીત શીખવા માટે આવે. વહેલી સવારથી સાંજ સુધી શિષ્યોની આવન જાવન થયા કરે. શિષ્યો સંગીતનો રિયાઝ કરવા માટે પણ સંગીતકારને ઘેર જ આવે. એક દિવસ એક શિષ્ય કોઈ એક સ્વરરચનાનો રિયાઝ કરતાં હતા. એ સમયે સંગીતગુરુની પાંચ-છ વર્ષની દિકરી ઓરડાની બહાર રમતી હતી. રિયાઝ કરતાં શિષ્યની ગાયકી એ દિકરીના કાને પડી અને એ ખૂબ ધ્યાનથી સાંભળવા લાગી. ગાયકી સાંભળ્યા પછી એ દિકરી તુરત જ પેલા ઓરડામાં દોડી ગઈ અને રિયાઝ કરતાં શિષ્યને કહ્યું કે તમે સ્વરરચનાને જે રીતે પ્રસ્તુત કરી રહ્યા છો એને વધારે સારી રીતે આ રીતે પ્રસ્તુત કરી શકાય, એમ કહીને એ દીકરીએ એ જ સ્વરરચના સુંદર રીતે, વધારે સારી રીતે પ્રસ્તુત કરીને ગાઈને બતાવી. શિષ્ય તો બાળકીની ગાયકી સાંભળીને અભિભૂત થઈ ગયા. પોતાના શિષ્ય અને દીકરીના વાર્તાલાપ તથા દીકરીની ગાયકી સંગીતકાર ગુરુપિતા ચૂપચાપ, છાનામાના સાંભળી રહ્યા હતા પણ એ વાતની દિકરી કે શિષ્યને જાણ ના હતી. દીકરીની પ્રસ્તુતિ પૂરી થઈ એટલે સંગીતગુરુ બંને સમક્ષ પ્રત્યક્ષ થયાં. પોતાના પિતાજીને જોઈને દિકરી તો શરમાઈને એ ઓરડો છોડીને દોડતી જતી રહી.

એ જ દિવસે સંગીતગુરુએ પોતાની પત્નીને શિષ્ય અને દિકરીની આખીયે ઘટનાની વાત કરી અને કહ્યું કે આપણી નાનકી એવી દીકરીમાં સંગીતની આટલી બધી સૂઝ છે, સંગીતનું જ્ઞાન છે, સંગીતની રાગ રાગિણીનું ઊંડાણ છે, મધુર કોકિલા અવાજની કુદરતી બક્ષિશ છે, એની તો પોતાને જાણ જ ના હતી.

બીજે દિવસે એ સંગીતગુરુએ પોતાની દીકરીને વહેલી સવારમાં ઉઠાડી અને સંગીતના ઓરડામાં લઈ ગયા. તેને હાથમાં તાનપૂરો પકડાવ્યો અને કહ્યું કે આજથી તારી પણ સંગીતની તાલીમ અને સંગીતની સાધના શરૂ. તે દિવસથી માંડીને આજે સિત્યાસી વર્ષની ઉમર સુધી સંગીતકારની એ દીકરીનો તાનપુરા ઉપરનો અને કંઠનો રિયાઝ અને સંગીત સાધના અવિરતપણે ચાલુ જ છે.

દરેક વ્યકિતની અંદર સર્જનાત્મક શક્તિ પડેલી જ હોય છે. ક્યારેક, કેટલીક વ્યક્તિઓમાં એ શક્તિ સુષુપ્ત અવસ્થામાં જ રહીને કરમાઈ જાય છે તો ક્યારેક, કેટલીક વ્યક્તિઓમાં એ શક્તિ સોળે કળાએ મ્હોરી ઊઠે છે અને બાઘબાનની જેમ ખીલી ઊઠે છે. વ્યક્તિમાં પડેલી સુષુપ્ત સર્જનાત્મક શકિતને જો યોગ્ય સમયે ઓળખીને તેને જાણી-પિછાણી અને ખિલાવવા માટે પ્રયત્ન કરવામાં આવે તો એ શક્તિ કસમયે મૂરઝાવાને બદલે પૂરી રીતે ઊગીને નીકળી શકે અને ક્ષિતિજોની પેલે પાર સુધી વિસ્તારી અને વિકસી શકે છે.




આપણાં ઘરના નાના બાળકોમાં રહેલી વિવિધ પ્રકારની સર્જનાત્મક શક્તિઓને સૌ પ્રથમ આપણે નહિ ઓળખીએ તો બીજું કોણ ઓળખશે? આપણી આસપાસ આપણાં મિત્રો, સ્નેહીઓ, સ્વજનો, કુટુંબીજનો અને સહકર્મચારીઓમાં પડેલી વિવિધ પ્રકારની સર્જનાત્મક શક્તિને જાણી, પિછાણી, તેને પ્રોત્સાહન આપીને તેના વિકાસ માટે યથાશક્તિ પ્રયત્ન કરીને આપણું પોતાનું યાગદાન આપીએ તો કદાચ એવું બને કે એ વ્યકિતની સર્જનાત્મક શક્તિને વધારે વેગ મળે.

સર્જનાત્મક શક્તિ એટલે માત્ર બે-પાંચ જાણીતી કળાઓ જેવીકે સંગીતકળા, લેખનકળા, ચિત્રકલ, અભિનય કળા, હસ્તકળા, જ નહીં પણ આપણાં શાસ્ત્રોમાં વર્ણવેલી ચોસઠ કળાઓનો સમાવેશ થઈ જાય છે. એ ઉપરાંત પણ સામાન્ય અર્થમાં સર્જનાત્મકતા એટલે કઈક નવું કરવાનું, કઈક જુદી રીતે વિચારવાનું, નવું પધ્ધતિથી કાર્ય કરવું, વિચારો કે વસ્તુને નવી જ રીતે પ્રસ્તુત કરવા અને નવોન્મેષ કાર્યોને નવોન્મેષ રીતે રજૂ કરવા એ પણ એક પ્રકારની સર્જનાત્મક શક્તિ જ છે. પરશુરામ લક્ષ્મણ નામનો એક બાળક. તેનો જન્મ મહારાષ્ટ્રના અહમદનગર જીલ્લામાં અતિ ગરીબ કુટુંબમાં થયો હતો. ધોરણ ચાર સુધી માંડ અભ્યાસ કર્યો અને પછી પેટિયું રળવા માટે તેના પિતા સાથે મુંબઈ આવી ગયો. નાનો બાળક પરશુરામ દસેક વર્ષની ઉમરે પિતાના ખભા ઉપર બેસીને મુંબઈના રસ્તાઓ ઉપર ગીતો ગાતો, મિમિક્રિ કરતો, ડાન્સ કરતો અને પેટિયું રળતો. એક દિવસ ખ્યાતનામ દિગ્દર્શક વી. શાંતરામજીએ એ બાળકનો અવાજ સાંભળ્યો અને પ્રભાવિત થઈ ગયા. શાંતરામજીએ એ બાળકના પિતાને કહ્યું કે બાળક પોતાના હવાલે કરી દો જેથી કરીને એ બાળકમાં રહેલી સર્જનાત્મકતાને પોતાની રીતે ખીલવી શકે. પિતા સહમત થયાં. શાંતરામજીએ પોતાના પ્રભાત સ્ટુડિયોમાં એ બાળકને રાખી લીધો, સંગીત અને અભિનયની તાલીમ આપી અને પોતાની ફિલ્મોમાં પણ અભિનય કરાવ્યો. આમ શાંતરામજીએ કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના બિલકુલ અજાણ્યા બાળક પરશુરામમાં રહેલી સર્જનાત્મકતા ને ઓળખી, પિછાણી, કેળવી અને તેના થકી પરશુરામે હિન્દી ફિલ્મઉદ્યોગમાં એક કલાકાર તરીકે ખ્યાતિ મળી અને તેને નામ અને દામ પણ મળ્યા. પેલા સંગીતગુરુ પોતાની પાંચ-છ વર્ષની દીકરીની સંગીતની સૂઝને ના ઓળખી શક્યા હોત, તેની શક્તિને જાણીને પછી તેને સંગીત શિક્ષા આપીને પ્રોત્સાહિત ના કરી હોત તો એ બાળકીની શક્તિ કદાચ ખીલ્યા પહેલા જ મૂરઝાઈ ગઈ હોત. જો આવું થયું હોત તો ભારતીય સંગીતનું વિશ્વ અને ફિલ્મક્ષેત્ર એક મહાન સંગીતજ્ઞ અને ગાયિકા વિના વાંઝણું રહી ગયું હોત. એ સંગીતગુરુ એટલે દીનાનાથ મંગેશકરજી અને તેની એ દિકરી એટલે લતા મંગેશકરજી. આપણાં ઘર, પાડોશ કે વ્યવસાય કે સમાજમાં એવી અનેક વ્યક્તિઓ છે જેનામાં અખૂટ સર્જનાત્મકતા પડેલી હોય છે. એ સર્જનાત્મકતા ધરબાયેલી જ ના રહી જાય એ જવાબદારી આપણાં સૌની છે. આપણે સૌ યથાશક્તિ, એકાદ વ્યક્તિની શક્તિને પણ ઓળખીને જો પ્રોત્સાહિત કરીએ તો એ સમાજ અને સર્જન વિશ્વની મોટી સેવા ગણાશે.



## વરિષ્ટો માટે ઉપયોગી માહિતી

ગાંધીનગર, તા. ૨૦

આપણા દેશમાં કાયદાની દષ્ટીએ માતા-પિતા અને વરીષ્ટ નાગરીકોના કલ્યાંણ અને ભરણપોષણ અધિનિયમ-૨૦૦૭ મુજબ ૬૦વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિને વરીષ્ટ નાગરીકતા નોદરજ્જો આપેલ છે. ભારતીય સંવિધાનમાં અનુચ્છેદ ૨૧,૩૯ અને ૪૧ માંપણ ઉલ્લેખ કરેલ છે. વરિષ્ઠ નાગરીકોની સમસ્યાં ની માહિતીનું વિશ્લેષણ મુજબ (અ) ભૌતિક સમસ્યાઓમાં આરોગ્ય, શારીરિક ખામી અને હુમલાઓ (બ) માનસિક સમસ્યાઓમાં અપમાન, સંતાનોનું તિરસ્કાર અને એક બીજા પ્રત્યે લાગણીનો ભાવ (ક) સામાજીક સમસ્યાઓમાં અળગાપણું, વિસર્જન અને દુર વ્યવહારો (ડ) કાનુની સમસ્યાઓ મિલકતોનું ગેર વ્યાજબી પણું અને વડીલ ઉપાર્જન મિલકતનું કાનુની ભંગ થાય છે.

જેથી આજે ગુજરાત સરકાર દ્વારા સામાજિક ન્યાય અને અધિકારના વિભાગમાં વુધ્ધાશ્રમો ગ્રાન્ટથી ચાલતી સંસ્થા ૧૪૨ અને સરકાર પોતે ચલાવતી સંસ્થા ૨૮ છે

ગાંધીનગર સમાચારના વાચક ચિરાગ જાની આ માહિતી આપતાં જણાવે છે કે, ફોજદારી કાયદા-૧૯૭૩ના પ્રકરણ ૯ ની કલમ ૧૨૫ (એ) મુજબ ભરણપોષણનો દાવો કરી શકાય છે. તથા માતા-પિતા અને વરીષ્ટ નાગરીકોના કલ્યાંણ અને ભરણપોષણ અધિનિયમ-૨૦૦૭ મુજબ રાજ્ય સરકાર તરફથી વૃધ્ધો માટે તબીબી સેવાઓ અને વૃધ્ધાશ્રમની જાળવણી કરવાની રહેશે. ગુજરાત સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધા પેન્શન યોજના, નીરાધાર વૃધ્ધ પેન્શન યોજના અને રાષ્ટ્રીય કૌટુંબીક સહાય યોજના ઉપલબ્ધ છે.

ભારત સરકાર દ્વારા વિવિધ યોજનાની જાણકારી વિવિધ વેબસાઈટ સાથે ઉપલબ્ધ છે, જે નીચે મુજબ છે.

(૧) સામાજીક ન્યાય અને અધિકાર મંત્રાલય www.socialjustice.nic.in (૨) આરેગ્યલક્ષી બાબત (http://mohfw.nic.in/, www.yogafinder.com, www.healthy-india.org, www.arogya.com, www.nppa india.in, www.healthizen.com) (૩) શૈક્ષણીક ક્ષેત્રમાં ખાસ કાર્યક્રમ (http://socialwelfare.delhigovt.nic.in) (૪) વરિષ્ટ નાગરીકના સુખાકાર પ્રોત્સાહન યોજના ૧૯૯૯ www.rbi.org (૫) દુરસંચાર વિભાગ www.bs.in (૬) રેલ્વે મંત્રાલય www.irctc.co.in (૭) નાગરીક ઉડ્ડયન મંત્રાલય www.airindia.in (૮) વૃધ્ધો માટેની કાળજી www.dignityfoundation.com (૯) ભારતના યાત્રાધામની વિગત www.tilgrimageindia.com (૧૦) સીટી હેલ્પલાઈન Www.bangalorebest.com (૧૧) ઈન્કમટેક્ષ www.indinincomtex.com